| Innovation ID | DTP0010000002645 | Sr No : 1 |
|---|---|---|

| | |
|---|---|
| Innovation Title | બળદને પેશાબ અટકી જાય તો (Urinary Calculi) |
| Category | પશુ સંવર્ધન |
| Notebook Number | lok(૨) ૫, Sep-Oct-૧૯૯૭, Pg No. ૭ |
| Brief | બળદને પેશાબ અટકી જાય (Urinary Calculi) તો જાંબુ (Syzygium jambolana) નો ઉપયોગ |
| Detail | ખાસ કરીને બળદને પથરી (Urinary Calculi)ના કારણે પેશાબનો અટકાવ થતો જોવા મળે છે. આના ઉપચાર માટે જૂનાગઢ જિલ્લાના ભેંસાણ ગામના શ્રી મનસુખભાઇ શામજીભાઇ સાવલિયાએ જાંબુના રસનો પ્રયોગ કર્યો છે.<br>જાંબુના (Syzygium jambolana) ઝાડની લીલી છાલનો રસ કાઢીને દરરોજ સવાર-સાંજ એક નાળ બે થી ત્રણ દિવસ સુધી પીવડાવવામાં આવે છે. આનાથી ઢોરને રાહત થાય છે અને પેશાબ છૂટથી થાય છે. |
| Method of Use | |
| Caution | |
| Benefit | |
| Condition | |
| Material Used | જાંબુ (Syzygium jambolana) |
| IPR Status | |
| Keywords | બળદ, પેશાબ, અટકાવ, Urinary Calculi, જાંબુ, Syzygium jambolana, છાલ, રસ, જૂનાગઢ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૬૧૫ | Member Type | Scout | | |
| First Name | હર્ષાબેન | Middle Name | | Last Name | ચૌહાણ |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | | Taluka | | | |
| District | Junagadh | State | Gujarat | Country | India |
| Biography | | | | | |
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૬૧૬ | Member Type | Innovator | | |
| First Name | મનસુખભાઈ | Middle Name | શામજીભાઈ | Last Name | સાવલિયા |
| Profession | ખેતી,પશુપાલન | Designation | ખેડૂત,પશુપાલક | | |
| Address 1 | | | | | |
| Village | મુ. ભેંસાણ | Taluka | | | |
| District | Junagadh | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| Innovation ID | DTP0010000002665 | Sr No : 2 |
|---|---|---|

**Innovation Title** જીવાત રહિત તલનો સંગ્રહ

**Category** અનાજ સંગ્રહ/ બીજ સંગ્રહ

**Notebook Number** Lok(૪)૨, April-૧૯૯૯, pg.no.-૪

**Brief** જીવાત રહિત તલના સંગ્રહ માટે સૂકા મરચા (Capsicum annum) અને દિવેલા (Brassica juncea)ના દાણાનો ઉપયોગ

**Detail**

તલનો (Sesamum indicum) સંગ્રહ કરવા માટે જૂનાગઢ જિલ્લાના મેંદરડા તાલુકાના આલીન્દ્રા ગામના શાંતાબેન હરીભાઈ પટેલ સૂકા મરચા (Capsicum annum) અને દિવેલા (Brassica juncea) ના દાણાનો ઉપયોગ કરે છે.
તલ (Sesamum indicum) ના સંગ્રહ વખતે એક મણ તલની અંદર લગભગ ૧૦૦ ગ્રામ જેટલા સૂકા મરચા (Capsicum annum) ના નાના નાના ટૂકડા અને ૧૦૦ ગ્રામ જેટલા દિવેલા (Brassica juncea) ના દાણા નાખીને તલ સાથે મિશ્રણ કરવામાં આવે છે અને ત્યાર બાદ તલને કોથળો અથવા કોઠારમાં ભરવામાં આવે છે. જેથી તેલમાં જીવાત લાગતી નથી, તેમજ બાચકા પણ પડતા નથી.

અન્ય જાણકાર -
- જીવરાજભાઈ આર. પટેલ, આલીન્દ્રા
- રામજીભાઈ સિદપરા- આલીન્દ્રા
- દિલસુખભાઈ પરસોતમભાઈ ઉમરેઠીયા - માતણકા (ગામ)

(નેપ્રાલાર્ટ ડેટાબેઝ અનુસાર મરચામાં ફૂગ)
સંદર્ભઃ- Caceres A et al (૧૯૯૧) J Ethnopharmacol. ૩૧(૩) : ૨૬૩ -૨૭૬.) અને વાયરસનાશક (સંદર્ભ : Roy A N et al (૧૯૭૬) J Microbiol ૧૯ : ૧૯૮-૨૦૧) ગુણો રહેલા છે. જ્યારે દિવેલામાં સૂક્ષ્મ કિટાણુનાશક (સંદર્ભ : khan M R et al (૧૯૭૮) J Sci Ind. Res. ૨૭ (૫/૬) ૧૮૯-૧૯૨; Kumar A & Dutta G P (૧૯૮૭) Curr. Sci. ૫૬ (૧૮) : ૯૫૬-૯૬૦) ગુણો રહેલા છે.

(નોંધ - આ પદ્ધતિનું પી.આઈ.સી. વિપુલ વાસને તા. ૯-૮-૦૬ના રોજ કરેલ છે. આ પદ્ધતિ સાચી છે.)
આ વિસ્તારના ઘણા લોકો આ પદ્ધતિ અપનાવે છે. આ પદ્ધતિમાં નહિવત ખર્ચ થાય છે. આ પદ્ધતિમાં કોઈ વધારે ખર્ચો થતો નથી તેમજ આડ અસર રહેતી ન હોવાથી ઘણા લોકો ઉપયોગ કરે છે અને સાવચેતી રાખવાની જરૂર પડતી નથી.

**Method of Use**

**Caution**

**Benefit**

**Condition**

**Material Used** સૂકા મરચા (Capsicum annum) અને દિવેલા (Brassica juncea) ના દાણા

**IPR Status**

**Keywords** જીવાત, તલ, Sesamum indicum, સુકા, મરચા, Capsicum annum , દિવેલા, Brassica juncea, દાણા, કોઠાર, જૂનાગઢ

Member ID DTP૦૦૧૦૦૦૦૦૦૦૨૯૨ Member Type Scout

First Name દિલીપભાઈ Middle Name ડી. Last Name કોરડીયા
Profession Designation
Address 1
Village મુ.પો. ભુભલી Taluka ઘોઘા
District Bhavnagar State Gujarat Country India
Biography

Member ID DTP૦૦૧૦૦૦૦૦૦૨૬૨૬ Member Type Innovator

First Name શાંતાબેન Middle Name હરીભાઈ Last Name પટેલ
Profession ખેતી Designation ખેડૂત
Address 1
Village મુ. આલીન્દ્રા Taluka મેંદરડા
District Junagadh State Gujarat Country India
Biography શાન્તાબેનની ઉમર ૪૫ વર્ષની છે. તેમને લખતા વાંચતા આવડે છે. પણ ભણેલ નથી ઘરમાં પાંચ સભ્યો છે. જમીન ૨૫ વિઘા છે અને મગફળી, ચણા, બાજરી, કપાસ, ઘઉ, વગેરે પાકો વતા ઓછા પ્રમાણમાં વાવેતર કરે છે. ખેતીમાં તેઓ રસ ધરાવે છે. ખેતી ઉપરાંત ઘરકામ કરે છે. પશુઓમાં બે ભેંસ, બે બળદ છે. રહેવા માટે પાકુ મકાન છે. બળદગાડુ છે. બળદ દ્વારા જ ખેતી કરે છે. સંપૂર્ણ રાસાયણીક ખેતી કરે છે પરંતુ સજીવખેતી ધીમે ધીમે અપનાવવાનો વિચાર છે. દિવાળી, હોળી, નવરાત્રી વગેરે તહેવારો રસ પૂર્વક ઉજવે છે. આવી દેશી માહિતીઓ જાણવા- સમજવામાં તેમને રસ છે. ઘરની આર્થિક પરિસ્થિતી સારી છે.

ગામનો પરિચય-
આલીન્ધ્રા ગ્રામ મેંદરડા તાલુકાથી ૬ કિમીના અંતરે આવેલું છે. ગામમાં રસ્તાઓ પાકા છે. અને મેંદરડાથી રિક્ષાઓ મળી રહે છે. ગામની વસ્તી ૫૦૦૦ની છે. જેમાં ૭૦ ટકા પટેલ જ્ઞાતિના લોકો રહે છે જ્યારે અન્ય ૩૦ ટકામાં કોળી, દરબાર, રબારી, કુંભાર, વણકર વગેરે જ્ઞાતિના લોકો છે. ગામમાં ૧થી ૭ ધોરણ માટેની શાળા આવેલી છે. ઉપરાંત નદી પણ ગામની બાજુમાંથી પસાર થાય છે. એકંદરે ગામની આર્થિક પરિસ્થિતી સારી છે. પોસ્ટ ઓફિસની સુવિધા ગામમાં છે. લોકો પાકા તેમજ કાચા નળીયાવાળા મકાનોમાં પણ રહે છે. આ વિસ્તારમાં મગફળી, ઘઉ, બાજરી, કપાસ વગેરે જેવા પાકોનું વાવેતર કરવામાં આવે છે. ઉપરાંત નાળીયેરી, આંબા, ચીકુ વગેરે જેવા બાગાયતી પાકોનું પણ વાવેતર કરવામાં આવે છે. જમીન કાળી, ભરભરી અને ફળદ્રુપ જોવા મળે છે. દિવાળી, નવરાત્રી, હોળી જેવા તહેવારો ગામમાં ઉજવાય છે. વસ્તીના પ્રમાણમાં ૭૦ ટકા લોકો શિક્ષિત છે. ગામમાં સરકારી પાણીના પંપો અને કુવો આવેલા છે. ત્યાંથી ગામલોકોને પીવાનું તેમજ વાપરવાનું પાણી મળી રહે છે. એકંદરે ગામની પરિસ્થિતિ સારી છે. લીમડો, બાવળ, ઈક્કડ, થોર, લીમડો, વડ, પીપર વગેરેના વૃક્ષો ગામમાં જોવા મળે છે.

Member ID DTP૦૦૧૦૦૦૦૦૦૬૨૭૪ Member Type Verifier

First Name વિપુલ Middle Name વી. Last Name વાસન
Profession Designation
Address 1 શક્તિનગર- ૧, શાંતેશ્વર રોડ, જોષી પરા
Village જૂનાગઢ Taluka જૂનાગઢ
District Junagadh State Gujarat Country India
Biography